# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૯ તા.૧૫-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮ ના બાળકોને ‘સંસ્કૃત ગૌરવ પરીક્ષા’માં ભાગ લેવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૦૪૨૨-૫૦૯ તા.૧૪-૦૯-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં ‘‘સંસ્કૃત ગૌરવ પરીક્ષા’’ પ્રકલ્પ ચાલી રહ્યો છે.‘‘સંસ્કૃત ગૌરવ પરીક્ષા’’ દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વેચ્છાએ ભાગ લેવા પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે. સદર‘‘સંસ્કૃત ગૌરવ પરીક્ષા’માં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને આ સાથે સામેલ સંદર્ભિત પત્ર માં જણાવેલ લીંક પર રજીસ્ટ્રેશન કરાવી તેમાં દર્શાવેલ સૂચનો અને માર્ગદર્શન પ્રમાણે વધુને વધુ વિદ્યાર્થીઓ સદરહુ ‘‘સંસ્કૃત ગૌરવ પરીક્ષા’’માં ભાગ લે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૫-૦૯-૨૦૨૧

ડૉ.અશ્વિનકુમાર ડી.ત્રિવેદી
ઈ.શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૦૪૨૮-૫૦૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૪/૦૯/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી. તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના બાળકોને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" માં ભાગ લેવા બાબત.

**સંદર્ભઃ-** ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- ૨૦૨૧-૨૨/૩૦૪ તા. ૦૭/૦૯/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહયો છે. ગુજરાતના ૭૨૫ કેન્દ્રો પરથી ૨,૧૦,૫૫૦ વિદ્યાર્થીઓ અને સંસ્કૃતાનુરાગીઓએ આ પરીક્ષાના માધ્યમથી સંસ્કૃત ભાષાનું અધ્યયન કરેલ છે. હવે જન જન સુધી પહોચાડવાનો સંકલ્પ છે. જે અન્વયે ગુજરાત રાજયમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહયુ છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વેચ્છાએ ભાગ લેવા પ્રોત્સાહીત કરવાના રહેશે.

<u>પરીક્ષા પ્રણાલી</u>

(ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.
- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.

(ખ) ધોરણ- ૬ થી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઇ પણ વિદ્યાર્થીઓ તેમજ સામાજિકો આ પરીક્ષામાં ભાગ લઇ શકશે.

(ગ) અનુક્રમે પ્રવેશિકા અને પ્રદીપિકા તથા પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

<u>પંજીકરણ પ્રક્રિયા</u>

સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતોઃ-

કેન્દ્ર સંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓના નામ, જન્મ તારીખ અને કઇ પરીક્ષા આપવાની છે તેની માહિતી એકત્ર કરી લેવી. વિદ્યાર્થીઓની પરીક્ષા ફી પણ સંયોજકે મેળવી લેવી, કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે નકકી કરી લેવું. ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્ર સંયોજકનું પુરૂ નામ, ઇમેઇલ, મોબાઇલ નંબર, કેન્દ્રનું સરનામુ, પીનકોડ નબંર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે વિગતો ફોર્મમાં ભરાવતા પહેલા તૈયાર રાખવી.

<u>રજિસ્ટ્રેશન લીંક ઓપન કરવા માટે</u>

સૌ પ્રથમ પ્રત્યેક www.samskritabharat.in વેબસાઇટ પર જવું અને ત્યાર બાદ સંસ્કૃત હશે તો प्रांतीयजालपुटानी અથવા તો અંગ્રેજી ભાષાનું ચયન કર્યુ હશે તો State-level Website ઓપ્શન ઉપર કિલક કરવું. તેમાંથી ગુજરાત પસંદ કરવું. તેમાં Register for Sanskrit Gaurav Pariksha 2021 પર કિલક કરવું. ત્યારબાદ

Scanned by CamScanner

બે વિકલ્પ આવશે Register as Participant અને Register as Institute માંથી Register as Institute વિકલ્પ ઉપર ક્લિક કરવું.

**રજિસ્ટ્રેશન પછી ધ્યાનમાં રાખવાની બાબતો**

રજીસ્ટ્રેશન થઇ ગયા પછી- રજીસ્ટ્રેશન સમયે આપના દ્વારા આપેલ ઇમેઇલ આઇ.ડી. પર કન્ફર્મેશન ઇમેઇલ આવશે. જેમાં આપના કેન્દ્રની રજીસ્ટ્રેશનની વિગતો આપેલ હશે. આ વિગતોની સાથે Excel ફાઇલ પણ જોડેલી હશે. તે ફાઇલ ડાઉનલોડ કરીને બધી માહિતી ભરવાની રહેશે. તેમાં વિદ્યાર્થીઓના નામ દેવનાગરીલિપિમાં જ લખવાના રહેશે. ત્યારબાદ sgpariksha@gmail.com આ ઇમેઇલ આઇ.ડી. પર ઇમેઇલ કરવાનો રહેશે.

**સંસ્થા માટે પરીક્ષા શુલ્ક**

(૧) પ્રવેશિકા-૬૦ (૨) પ્રદીપિકા- ૬૦ (૩) પ્રમોદિકા- ૬૦ (૪) પ્રવાહિકા- ૬૦

**પરીક્ષા**

ચારેય પરીક્ષાઓ O.M.R. પધ્ધતિથી લેવામાં આવશે. તારીખ અને સમય આપને જણાવવામાં આવશે.

**પરિણામ અને પ્રમાણપત્ર**

(ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમ કે..

તૃતીય શ્રેણીઃ ૪૦ થી ૫૪

દ્વિતીય શ્રેણીઃ ૫૫ થી ૬૯

પ્રથમ શ્રેણીઃ ૭૦ થી ૮૪

વિશેષયોગ્યતાઃ ૮૫ થી ૧૦૦

(ખ) પરીક્ષા પુરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે. (પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે)

**સંપર્કસૂત્ર**

સંયોજક (ગુર્જર પ્રાન્ત), ડાં. ગોપાલ ઉપાધ્યાય, (M) ૯૬૬૨૧૭૭૨૯૯

સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાન્ત), પ્રણવ રાજયગુરૂ. (M) ૭૦૧૬૩૭૩૯૪૧

સંપર્ક નંબરઃ- ૦૭૯-૨૫૩૮૪૮૦૮, સમયઃ- ૧૦ થી ૫

Email: sgpariksha@gmail.com

ઉકત સંદર્ભીત પત્રને ધ્યાને લઇ આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

નોંધ પર માન. નિયામકશ્રીની મળેલ સૂચના અનુસાર

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ, ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ, સેકટર- ૧૨, ગાંધીનગર

Scanned by CamScanner

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ
સેક્ટર - ૧૨ ગાંધીનગર
Email:-grsbg2020@gmail.com

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

જા.નં./૨૦૨૧-૨૨/ 304 તા. ૦૭/૦૯/૨૦૨૧

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
- 9 SEP 2021
આવક નં. ૭૮૮૫૦
શાખા : ૨૧૬૫૦૭

પ્રતિ,
પ્રથમિક શિક્ષણ નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ. રા. ગાંધીનગર

વિષય:પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના બાળકોને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"માં ભાગ લેવા બાબત.

સંદર્ભ:સંસ્કૃત ભારતી અમદાવાદના તા. ૦૩/૦૯/૨૦૨૧ના પત્ર અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃતિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ના બાળકોમાં સંસ્કૃત ભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહયો છે. જે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે યોજવામાં આવનાર છે. જે અંતર્ગત શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા બાળકોની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

આપના હસ્તકની પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના બાળકો સ્વેચ્છાએ ભાગ લઇ શકે, તે મુજબની આપની કક્ષાએથી જરુરી સૂચના આપવા વિનંતી છે.

ડૉ. કે.કે. કરકર
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

બીડાણ:
'સંસ્કૃત ગૌરવ પરીક્ષા'નું પેમ્ફિલિટ

Scanned by CamScanner

॥ संस्कृतभारतम् ॥ ॥ समर्थभारतम् ॥


संस्कृतभारती-प्रेरिता

# संस्कृतगौरवपरीक्षा

'पाणिनीयम्' 15, कल्याणबाग, बलियाकाकामार्ग, कांकरिया, कर्णावती ( गुजरातम् )

दूरवाणी – 079-25384808

sgpariksha@gmail.com, www.samskritabharati.in


દિનાંક - 03/09/2021

માનનીય અધ્યક્ષ મહોદય,

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,

સેક્ટર-12, ગાંધીનગર

વિષય- સંસ્કૃત ગૌરવ પરીક્ષા માટે ભલામણ પત્ર કરવા બાબત...

સાદર નમસ્કાર,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં આપને વિદિત કરવાનું કે, 'સંસ્કૃત ભારતી' એ એક વૈશ્વિક સંગઠન છે જે સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે કટિબદ્ધ છે. દેવવાણીનો વ્યાપ સમાજમાં છેવાડાના માનવી સુધી થાય, પ્રત્યેક મનુષ્ય આનંદભેર સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી શકે તે માટે સંસ્કૃત ભારતી, ગુજરાત દ્વારા દર વર્ષે સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન ડિસેમ્બર માસમાં કરવામાં આવે છે. આ પરીક્ષા અંતર્ગત પ્રવેશિકા, પ્રદીપિકા, પ્રમોદિકા, પ્રવાહિકા એમ ચાર પ્રકારની પરીક્ષાઓ નું આયોજન કરવામાં આવે છે. વીતેલા કેટલાક વર્ષોમાં ચાર લાખથી વધારે પરીક્ષાર્થીઓ આ માધ્યમથી સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી ચુક્યા છે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ પણ આવા જ એક ભગીરથ યજ્ઞમાં સંસ્કૃત ભાષાના વ્યાપ માટે આહુતિ આપી રહ્યું છે ત્યારે આ પરીક્ષા જનજન સુધી પહોંચે, પ્રત્યેક શાળા મહાશાળા અને વિશ્વવિદ્યાલયમાં આ પરીક્ષાઓનું આયોજન થાય તે હેતુથી ગુજરાત સંસ્કૃત બોર્ડના માધ્યમથી એક નિવેદન પત્ર કરવામાં આવે તેવું નિવેદન છે. આપની આ સહાય થકી સંસ્કૃત ભાષાના પ્રચાર પ્રસારમાં વધુ વેગ પ્રાપ્ત થશે.

સહયોગની અપેક્ષા સહ...

આપનો

અધ્યક્ષ

સંસ્કૃત ગૌરવ પરીક્ષા ગુજરાત પ્રાંત

Scanned by CamScanner

સંસ્કૃતભારતી ગુજરાત દ્વારા છેલ્લા ૧૭ વર્ષોથી 'સંસ્કૃતગૌરવપરીક્ષા' પ્રકલ્પ ચાલી રહ્યો છે. અનુક્રમે 'પ્રવેશિકા', 'પ્રદીપિકા', 'પ્રમોદિકા' અને 'પ્રવાહિકા' આ ચાર પરીક્ષાઓ નું આયોજન પ્રતિવર્ષ થાય છે.

આપને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે સમગ્ર સમાજ માટે ખુલ્લા મુકાયેલ આ પ્રકલ્પને શૈક્ષણિક, સામાજિક ધાર્મિક સંસ્થાઓ ઉપરાંત અનેક સંસ્કૃતાનુરાગીઓનો સહકાર મળ્યો છે. સંસ્કૃતગૌરવપરીક્ષા નાં પુસ્તકોનું આકર્ષક મુખપૃષ્ઠ, સચિત્ર વ્યાવહારિક સંસ્કૃતશબ્દો, સંસ્કૃત-ગીતો તથા ભાષાશૈલી રોચક હોવાથી લોકભોગ્ય બન્યાં છે.

આજ સુધી ગુજરાતના ૭૨૫ કેન્દ્રો પરથી ૨,૧૦,૫૫૦ વિદ્યાર્થીઓ અને સંસ્કૃતાનુરાગીઓએ આ પરીક્ષાનાં માધ્યમથી સંસ્કૃતભાષાનું અધ્યયન કર્યું. હવે જનજન સુધી પહોંચવાનો આપણો સંકલ્પ છે. આ સંકલ્પપૂર્તિમાં સહાયરૂપ થવા માટે આપને નમ્ર વિનંતી.

## આપ આટલું કરી શકો !

- આપ શાળા-કોલેજમાં અધ્યાપન કરાવતા હોવ તો આપની શાળા-કોલેજના બધા જ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા પ્રોત્સાહિત કરી શકો.
- આપ કોઈ સ્વૈચ્છિક સંસ્થા, સંગઠન કે સંસ્કૃત પ્રેમીઓના સંપર્કમાં હોવ તો તેમના સુધી આ પરીક્ષાની માહિતી પહોંચાડી કેન્દ્રો ઊભાં કરવા સહાયક બની સંસ્કૃતિ-પૂજક બની શકો.
- આપ આપની શેરી, સોસાયટી કે સમાજમાં પણ આ કેન્દ્રનું આયોજન કરી શકો.
- આપનો આ પ્રયાસ સોનામાં સુગંધનું કામ કરશે.

## પરીક્ષા પ્રણાલી

ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુતમ સંખ્યા ૫૦ રહેશે.

- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.

ખ) છઠ્ઠા ધોરણથી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઈ પણ વિદ્યાર્થીઓ તેમજ સામાજિકો આ પરીક્ષામાં ભાગ લઈ શકશે.

ગ) અનુક્રમે પ્રવેશિકા અને પ્રદીપિકા તથા પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

## પંજીકરણ પ્રક્રિયા

સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો.

કેન્દ્ર સંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓનાં નામ, જન્મતારીખ અને કઈ પરીક્ષા આપવાની છે, તેની માહિતી એકત્ર કરી લેવી. પ્રત્યેક વિદ્યાર્થીઓની ફી પણ સંયોજકે મેળવી લેવી. પ્રત્યેક પરીક્ષા દીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, તે નક્કી કરી લેવું.

ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્રસંયોજકનું પુરુ નામ, ઈમેઈલ, મોબાઈલ નંબર, કેન્દ્રનુંસરનામું, પીનકોડ નંબર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. તે આટલી બાબતો ફોર્મ ભરતા પહેલા તૈયાર રાખવી.

## રજિસ્ટ્રેશન લીંક ઓપનકરવા માટે

સૌ પ્રથમ www.samskritabharati.in વેબસાઈટ પર જવું અને ત્યારબાદ વેબસાઈટની ભાષા જો સંસ્કૃત હશે તો प्रान्तीयजालपुटानि અથવા તો અંગ્રેજી ભાષા ચયન કર્યુ હશે તો **State-level Websites** ઓપ્શન ઉપર ક્લિક કરવું. તેમાંથી गुजरात (Gujarat) પસંદ કરવું તેમાં **Register For Samskrit Gaurav Pariksha** ૨૦૨૧ પર ક્લિક કરવું. ત્યારબાદ બે વિકલ્પ આવશે **Register as Participant** અને **Register as Institute** માંથી **Register as Institute** વિકલ્પ ઉપર ક્લિક કરવું.

રજિસ્ટ્રેશન માટે QR CODE સ્કેન કરો

## રજિસ્ટ્રેશન પછી ધ્યાનમાં રાખવાની બાબતો

રજિસ્ટ્રેશન થઈ ગયા પછી — રજિસ્ટ્રેશન સમયે આપના દ્વારા આપેલ ઈ-મેઈલ આઈ.ડી. પર એક કન્ફર્મેશન ઈ-મેઈલ આવશે. જેમા આપના કેન્દ્રની રજિસ્ટ્રેશનની વિગતો આપેલી હશે. આ વિગતોની સાથે એક Excel ફાઈલ પણ જોડેલી હશે. તે ફાઈલ ડાઉનલોડ કરીને બધી માહિતી ભરવાની રહેશે. તેમાં વિદ્યાર્થીઓના નામ દેવનાગરીલિપિમાં જ લખવાના રહેશે. ત્યારબાદ sgpariksha@gmail.com આ E-mail ID પર ઈ-મેઈલ કરવાનો રહેશે

## સંસ્થા માટે પરીક્ષા શુલ્ક

ક) (૧) प्रवेशिका ૬૦ (૨) प्रदीपिका ૬૦
(૩) प्रमोदिका ૬૦ (૪) प्रवाहिका ૬૦

ખ) દરેક કેન્દ્ર સંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ.૧૦/- આપવામાં આવે છે.(આ પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે.)

## પરીક્ષા

- ચારેય પરીક્ષાઓ O.M.R. પદ્ધતિથી લેવામાં આવશે. દિનાંક અને સમય આપને જણાવવામાં આવશે.

## પરિણામ અને પ્રમાણપત્ર

ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે.
જેમ કે...

| | | |
|---|---|---|
| તૃતીય શ્રેણી | : | ૪૦ થી ૫૪ |
| દ્વિતીય શ્રેણી | : | ૫૫ થી ૬૯ |
| પ્રથમ શ્રેણી | : | ૭૦ થી ૮૪ |
| વિશેષયોગ્યતા | : | ૮૫ થી ૧૦૦ |

ખ) પરીક્ષા પુરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે.

(પરીક્ષાને લગતા આપના અમુલ્ય પ્રતિભાવો આવકાર્ય છે.)

## સંપર્કસૂત્ર

સંયોજક (ગુર્જર પ્રાન્ત)
ડૉ. ગોપાલ ઉપાધ્યાય
મો.: ૯૯૬૨૧૭૭૨૯૯

સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાન્ત)
પ્રણવ રાજ્યગુરુ
મો.: ૭૦૧૬૩૭૩૯૪૧

દૂરભાષ : ૦૭૯-૨૫૩૮૪૮૦૮ • સમય : સવારે ૧૦ થી ૫
Email : sgpariksha@gmail.com

ફોર્મ ભરવા માટે લીંક પર ક્લિક કરો - https://bit.ly/3hGpvme

Scanned by CamScanner









## પરામર્શક મંડળ

મહામહોપાધ્યાય શ્રી ભદ્રેશદાસસ્વામીજી
અક્ષરધામ નવી દિલ્હી

સ્વામીશ્રી મુદિતવદનાનંદ સરસ્વતીજી
આનંદ આશ્રમ, નડિયાદ

પ્રા. શ્રી ગિરીશભાઈ ઠાકર
ઉપાધ્યક્ષ, અ. ભા. ઇતિહાસ સંકલન સમિતિ

શ્રી ભાગ્યેશભાઈ ઝા
નિવૃત્ત સચિવશ્રી, ગુજરાત સરકાર

## સમિતિ

અધ્યક્ષ - શ્રી મનોજભાઈ ઉપાધ્યાય
સંયોજક - ડૉ. ગોપાલ ઉપાધ્યાય
સંયોજક - શ્રી પ્રણવ રાજ્યગુરુ
સદસ્ય - ડૉ. આશિષ દવે
સદસ્ય - ડૉ. નિકુંજકુમાર પટેલ
સદસ્ય - શ્રી વિનોદભાઈ પટેલ
સદસ્ય - શ્રી પ્રવીણભાઈ જાની
કાર્યાલય પ્રતિનિધિ - શ્રી [illegible]નિક પ્રજાપતિ

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા શા માટે?

બાલ્યકાળથી સંસ્કૃત પરિચય...
સામાન્યજન સંસ્કૃતાભિમુખ થાય.
સામાન્યજનને સંસ્કૃત પ્રત્યે પ્રેમ થાય.
ભવ્ય ભૂતકાળ જાણી શકાય.
આના થકી ભવિષ્ય પ્રતિ ચિંતન...
ભેદભાવ દૂર કરી સાંસ્કૃતિક પુનરુત્થાન...
સંસ્કૃત ફરીથી વ્યવહારભાષા બને.
સંસ્કૃતભાષાથી સમૃદ્ધિનું આગમન...
સંસ્કૃતભાષાની સરળતા તથા મધુરતાનો પરિચય.

ॐ

# संस्कृतभारती-गुजरात-प्रेरिता
# संस्कृतगौरवपरीक्षा

પંજીકરણ માટે અંતિમ દિનાંક : ૦૧/૧૨/૨૦૨૧










संस्कृतगौरवपरीक्षा
संस्कृतभारती
'पाणिनीयम्' 15, कल्याणबाग, बलियाकाकामार्ग
कांकरिया, कर्णावती 380028
दूरभाष 079 25384808
Web : samskritabharati.in
Email : sgpariksha@gmail.com
Web : www.samskritashikshanam.in


ફોર્મ ભરવા માટે લીંક પર ક્લિક કરો - https://bit.ly/3hGpvme

Scanned by CamScanner